# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **સામાજિક સમાનતા તેમજ મહિલાઓ અને બાળકોના અધિકારોને કેન્દ્રમાં રાખીને U.C.C.નો મુસદ્દો તૈયાર કરાશે.**
2. **જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન – જેટ્રોના વડાએ મુખ્યમંત્રીને આ વર્ષે જાપાનમાં યોજાનારા ટેકનૉ એક્સપો માટે આમંત્રણ આપ્યું.**
3. **મહેસાણામાંથી બે હજાર 300 કિલો અખાદ્ય પનીર અને એક હજાર 600 કિલો શંકાસ્પદ કપાસિયા તેલનો જથ્થો કબજે કરાયો.**
4. **રેલવે બૉર્ડ દ્વારા તમામ વિભાગીય પ્રમૉશન પરીક્ષાઓ કમ્પ્યૂટર આધારિત લેવાશે.**
5. **રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીમાં વધારો થશે.**

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# UCC AMDAVAD

અમદાવાદની કલેક્ટર કચેરી ખાતે સમાન નાગરિક સંહિતા- U.C.C. સમિતિ દ્વારા ગઈકાલે રાજકીય, સામાજિક, શૈક્ષણિક અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. દરમિયાન U.C.C સમિતિનાં અધ્યક્ષ રંજના દેસાઈએ જણાવ્યું કે, "રાજ્યમાં UCC અંગે લોકોનાં સૂચનોને ધ્યાનમાં લેવાશે. સમાજમાં સમાનતા તેમ જ મહિલાઓ અને બાળકોના અધિકારોને કેન્દ્રમાં રાખીને UCCનો મુસદ્દો તૈયાર કરાશે."

બેઠકમાં રાજકીય, સામાજિક અને શૈક્ષણિક આગેવાનોએ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકતના અધિકારો સહિતના વિષયો પર UCC સમિતિ સમક્ષ પોતાના વિચાર અને સૂચન રજૂ કર્યાં હતાં. દરમિયાન શ્રીમતી દેસાઈ સહિત સમિતિના સભ્યોએ સૌને આગામી 24 માર્ચ પહેલા UCCના પોર્ટલ UCCGUJARAT.IN પર પોતાનાં સૂચન લેખિતમાં જણાવવા અને આવશ્યક દસ્તાવેજ અપલોડ કરવા અપીલ કરી હતી.

# JAMNAGAR NAVA KAYDA

રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવે ગઈકાલે જામનગરમાં પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષકો સાથે બેઠક યોજી હતી. દરમિયાન ભારત સરકાર દ્વારા બનાવાયેલા ત્રણ નવા ફોજદારી કાયદાઓની અમલવારી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

**બાઈટઃ અશોક કુમાર યાદવ, રેન્જ આઈજી, રાજકોટ**

# CM SEMI CONNECT CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગરમાં નેધરલેન્ડ્સના રાજદૂત સહિત સેમિ-કન્ડક્ટર ક્ષેત્રના સાત જેટલા વૈશ્વિક અગ્રણીઓની સાથે બેઠક યોજી હતી. દરમિયાન જૅબિક ઇન્ક , ટાટા ઇલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ , જેટ્રો કૅન્સ ટેક્નોલૉજી, ઇન્ફિનિઓન ટૅક્નોલૉજી , સી.જી. સેમિ અને N.X.P. સેમિ-કન્ડક્ટર્સના વરિષ્ઠ અગ્રણી સંચાલકોએ ચર્ચા-પરામર્શ કર્યા હતા.

જેબિલ ઇન્કના ગ્લૉબલ બિઝનેસ યુનિટના ઍક્ઝિક્યૂટિવ વાઇસ પ્રેસિડેન્ટ મેથ્યૂ ક્રોલી અને પ્રતિનિધિ મંડળે શ્રી પટેલ સાથેની મુલાકાતમાં ધોલેરા અને સાણંદમાં તેમના પ્લાન્ટ શરૂ કરવાનું આયોજન વિચારાધિન હોવાનું જણાવ્યું હતું.

બીજી તરફ, જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન-જેટ્રોના ચેરમેન અને સી.ઈ.ઓ શ્રીયુત નોરીહિકો ઈસીગુરોએ મુખ્યમંત્રી ને જાપાનમાં આ વર્ષે યોજાનારા ટેકનૌ એક્સપોમાં આવવા મુખ્યમંત્રીને નિમંત્રણ પણ તેમણે પાઠવ્યું હતું.

# BK ICDS

બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના કાર્યક્રમ- I.C.D.S. વિભાગ દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત જિલ્લાકક્ષાની પૌષ્ટિક અને ગુણવત્તાસભર વાનગીની સ્પર્ધા યોજાઈ હતી. દરમિયાન જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈ શ્રેષ્ઠ વાનગી બનાવનારી મહિલાઓને પુરસ્કૃત કર્યાં હતાં. I.C.D.S.માં શ્રેષ્ઠ કામગીરી બદલ અંબાજીનાં ઈન્ચાર્જ C.D.P.O.

જાગૃતિ મહેતાને પુરસ્કાર એનાયત કરાયો છે. આ અંગે I.C.D.S.નાં પ્રોગ્રામ ઑફિસર ઉષા ગજ્જરે માહિતી આપી.

(બાઈટ-2 ઉષા બેન ગજ્જર , પ્રોગ્રામ ઓફિસર (ICDS)બનાસકાંઠા)

# MEHSANA NAKLI PANIR

મહેસાણાના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જિલ્લામાંથી ભેળસેળયુક્ત પનીર અને કપાસિયા તેલનો જથ્થો પકડવામાં આવ્યો છે. સત્તાવાર યાદી મુજબ, તંત્ર દ્વારા કડીમાં બે અલગ-અલગ સ્થળે દરોડા પાડતાં પનીરનો 5 લાખ 50 હજાર રૂપિયાની કિંમતનો બે હજાર 300 કિલો અને કપાસિયા તેલનો બે લાખ 30 હજાર રૂપિયાની કિંમતનો એક હજાર 600 કિલોનો શંકાસ્પદ જથ્થો કબજે કરાયો હતો.

તપાસ દરમિયાન ફૂડ પરવાનો મેળવ્યા વગર જ એડિબલ વેજિટેબલ ફેટનો ઉપયોગ કરીને પનીરનું ઉત્પાદન કરાતું હોવાનું જણાયું હતું. હવે આ તમામ ખાદ્ય-પદાર્થોના નમૂનાનો પૃથક્કરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરાશે.

# PM GIR SAMVAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરની જુનાગઢના સાસણગીરની મુલાકાત દરમિયાન વન અને વન્યજીવોના સંરક્ષણ માટે કામ કરતાં વન વિભાગનાં કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ અંગે ગીરમાં શ્રી મોદી સાથે સંવાદ કરનારાં મહિલાં કર્મચારીઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. વનરક્ષક વંદના વાલવાણી જણાવે છે , શ્રી મોદી સાથે સંવાદની તક મળતાં વન અને વન્યજીવના સંરક્ષણ માટે કામ કરવા વધુ પ્રોત્સાહન અને પ્રેરણા મળી છે.

**(બાઈટઃ વંદના વાલવાણી)**

# RAILWAY BOARD EXAM

રેલવે બૉર્ડ દ્વારા ગઈકાલે ઉચ્ચ સ્તરની બેઠક યોજાઈ ગઈ , જેમાં તમામ વિભાગીય પ્રમોશન પરીક્ષાઓ રેલવે રિક્રૂટમેન્ટ બૉર્ડ એક્ઝામ- RRB કેન્દ્રીય પરીક્ષા કમ્પ્યૂટર આધારિત એટલે કે , સીબીટી મારફતે લેવાશે. આ માટે બધા ઝૉનલ રેલવે પરીક્ષા માટે એક કૅલેન્ડર બનાવશે. બધી પરીક્ષાઓ ફક્ત કેલેન્ડરના આધારે લેવાશે. તાજેતરના વર્ષોમાં RRB દ્વારા લેવાતી પારદર્શક, ન્યાયી અને ખૂબ જ પ્રશંસાપાત્ર પરીક્ષાઓના લાંબા અનુભવ પછી આ નિર્ણય લેવાયો છે.

કમ્પ્યૂટર આધારિત પરીક્ષાઓ CBTમાં, ઉમેદવારોને તેમના પ્રશ્નપત્ર , ઉત્તરપુસ્તિકાઓ અને સાચા જવાબ કી બતાવવામાં આવે છે. તેમને પ્રશ્નો અને જવાબ કીની શુદ્ધતા અંગે જો કોઈ હોય તો , વાંધો ઉઠાવવાની તક પણ આપવામાં આવે છે.

# DIU KHALASI

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારાની એક હોડીને જહાજે અડફેટે લેતા હોડી મધદરિયા ગુમ થયાના અહેવાલ છે. દીવનાં અમારાં પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે , વણાકબારાથી 70 કિલોમીટર દૂર દરિયામાં પીપાવાવથી રાજુલાની વચ્ચે નિરાલી નામની હોડીને અકસ્માત નડ્યો હતો , જેના કારણે હોડીમાં બેઠેલા ટંડેલ અને ખલાસી ગુમ થયા છે.

હોડીમાં ગુજરાતના એક અને મહારાષ્ટ્રના પાંચ ખલાસી હોવાનું જણાયું છે. ત્યારે માછીમારો અને મત્સ્ય ઉદ્યોગ વિભાગે તેમની શોધખોળ હાથ ધરી છે.

# WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ તાપમાન શુષ્ક રહેશે , પરંતુ 24 કલાક બાદ મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં 45થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાના હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

# PATAN DISTRIC BUDGET

પાટણની જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જિલ્લા પંચાયત 364 કરોડની પુરાંત સાથેનું કુલ 1513 કરોડનું વાર્ષિક અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરાયું હતું.

સામાન્ય સભાના એજન્ડા પરના વિવિધ કામોને પણ બહાલી આપવામાં આવી હતી. ઉપરાંત બેઠકમાં પ્રમુખ સ્થાનેથી રૂપિયા 10 કરોડ રૂપિયાના ખર્ચની સ્વભંડોળમાંથી વિકાસ કામ માટે ખર્ચ કરવા અંદાજપત્ર માં જોગવાઈને મંજૂર કરવામાં આવી હતી.